# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-06-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે.
- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના સાયન્સ ટેક્નોલોજી વિભાગ દ્વારા ડીપ ટેક્નોલોજી ક્ષેત્ર ત્રણ સમજૂતી કરાર કર્યા.
- નીટ-યુજી પેપર લીક કેસમાં સીબીઆઇએ રાજ્યના સાત સ્થળોએ દરોડા પાડીને તપાસ શરૂ કરી.
- GCAS પોર્ટલ અંગે રાજ્ય સરકારે વિદ્યાર્થીઓ તરફથી મળેલી રજૂઆતોને આધારે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો
- હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી સાત દિવસ સમગ્ર રાજ્યમાં સાર્વત્રિક વરસાદ થવાની શક્યતા.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## PM – MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. અગિયાર વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ તેનો ગુજરાતીમાં ભાવાનુવાદ પ્રસારિત કરાશે. આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના બધા જ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, એઆઈઆર ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન એઆઈઆર મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે.

ઉપરાંત આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ તેનું જીવંત પ્રસારણ કરાશે.

----------------

## CM - MOU

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં રાજ્ય સરકારના સાયન્સ ટેક્નોલોજી વિભાગ દ્વારા ડીપ ટેક્નોલોજી અંતર્ગત ત્રણ મહત્વપૂર્ણ સમજૂતી કરાર કર્યા છે. તે અંતર્ગત માઇક્રોસોફ્ટ અને સાયન્સ ટેક્નોલોજી વિભાગ ગિફ્ટસિટીમાં કૃત્રિમ બુદ્ધિમત્તા સેન્ટર ઑફ એક્સલન્સની સ્થાપના કરશે.

આ સેન્ટરમાં મશીન લર્નિંગ, કોગ્નિટિવ સર્વિસીસ અને બોટ સર્વિસ જેવી મુખ્ય ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. આ ટેક્નોલોજીઓ વિવિધ ક્ષેત્રોના પાયલોટ પ્રોજેક્ટ્સ, સફળ પાયલોટ પ્રોજેક્ટ્સનું રોલઆઉટ અને વિવિધ તાલીમ કાર્યક્રમો યોજશે.

નાસ્કોમ સાથે થયેલા સમજૂતી કરાર અન્વયે રાજ્યની કૃત્રિમ બુદ્ધિમત્તાની ક્ષમતાઓને વધારે મજબૂત કરાશે. નાસ્કોમ વિવિધ ક્ષેત્રોના કૃત્રિમ બુદ્ધિમત્તા સોલ્યુશન્સ વિકસાવવા, પાયલોટ પ્રોજેક્ટ્સના અમલીકરણ અને વિવિધ સરકારી વિભાગો અને ખાનગી ક્ષેત્રોમાં કૃત્રિમ બુદ્ધિમત્તાનાં મોડલ્સને અપનાવવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સમજૂતી કરારને કૃત્રિમ બુદ્ધિમત્તાની અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશનમાં ગુજરાતને રાષ્ટ્રીય કક્ષાએ આગવું સ્થાન આપવાની દિશામાં નોંધપાત્ર પગલું ગણાવ્યું હતું.

(બાઇટ- ભૂપેન્દ્ર પટેલ, સીએમ)

-------

## CM-CONFARANCE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં 'ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટાઉન પ્લાનર્સ, ઇન્ડિયા - ગુજરાત ચેપ્ટર' ની કોન્ફરન્સનો અમદાવાદમાં પ્રારંભ થયો છે.

મુખ્યમંત્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, આગામી પાંચ વર્ષમાં આપણે દરેક ક્ષેત્રે આત્મનિર્ભર બનીશું.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ગ્લોબલ વોર્મિંગના કારણે પર્યાવરણની સાથે ચાલવું એ અગત્યનું બની ગયું છે. શહેરોમાં અર્બન ફોરેસ્ટ ઊભા કરીને, ગ્રીન કવર વધારીને ગ્લોબલ વૉર્મિંગ સામે લડવું પડશે. આ ઉપરાંત રિડ્યુસ, રિયુઝ અને રિસાયક્લીંગ થકી સર્ક્યુલર ઇકોનોમીનું નિર્માણ કરીને ઉચ્ચ સુવિધાઓ પૂરી પાડીને શહેરોને હજુ વધુ વિકસિત બનાવવાના છે.

(બાઇટ- ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

--------------

## CM- SWAGAT ONLINE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં જન ફરિયાદ નિવારણનો સ્વાગત ઓનલાઇન કાર્યક્રમ યોજાઇ ગયો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જન ફરિયાદ નિવારણના ઓનલાઇન સ્વાગત કાર્યક્રમમાં અરજદારોની રજૂઆત સાંભળી તેના ત્વરિત અને યોગ્ય નિવારણ માટે સંબંધિત કલેક્ટરો-વિકાસ અધિકારીઓને સૂચનાઓ આપી હતી. ચાલુ માસમાં ગ્રામ્ય, તાલુકા, અને જિલ્લાકક્ષાએ કુલ 1 હજાર 551 પ્રશ્નોનું સમાધાન થયું છે.

ઉલ્લેખનીય છે કે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં નિયમિતપણે દર મહિનાના ચોથા ગુરુવારે સ્વાગત ઓનલાઇન જન ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજવામાં આવે છે.

--------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.....................................

## NEET EXAM – GUJARAT

નીટ-યુજી પેપર લીક કેસમાં સીબીઆઇએ રાજ્યનાના સાત સ્થળોએ દરોડા પાડીને તપાસ શરૂ કરી છે. સીબીઆઇએ આજે સવારે રાજ્યના ચાર જિલ્લા આણંદ, ખેડા, અમદાવાદ અને ગોધરામાં શકમંદોની તપાસ શરૂ કરી છે. પેપર લીક કેસની તપાસ દરમિયાન કેટલાક ઈલેક્ટ્રોનિક પુરાવાઓ મળી આવ્યા છે. આ ઉપરાંત રાજ્યમાં પણ શકમંદોની હાજરી હોવાની માહિતી મળી છે.

.................

## GCAS PORTAL

GCAS પોર્ટલ અંગે રાજ્ય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. વિદ્યાર્થીઓ તરફથી મળેલી રજૂઆતોને આધારે રાજ્ય સરકારે GCAS પોર્ટલ માટે કેટલાક મહત્વપૂર્ણ નિર્ણય લીધા છે.

શિક્ષણ વિભાગના અગ્ર સચિવ મુકેશ કુમારે જણાવ્યું હતું કે, આગામી ચોથી જુલાઈ થી ૬ઠ્ઠી જુલાઈ સુધી સ્નાતક કક્ષાના તેમજ પહેલી જુલાઈથી ૩જી જુલાઈ સુધી અનુસ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સની નવી અરજી સ્વીકારવા તથા જે વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે અગાઉ અરજી કરી છે, તેમની અરજી સુધારવા ત્રીજા રાઉન્ડ માટે GCAS પોર્ટલ ખુલ્લું મૂકવામાં આવશે.

તેમણે જણાવ્યું કે, GCAS પોર્ટલ પર પ્રથમ રાઉન્ડ અંતર્ગત સ્નાતક કક્ષાના ૧ લાખ ૩૨ હજાર અને અનુસ્નાતક કક્ષાના ૩૧ હજાર ૩૬૩ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે.

અગ્રસચિવએ કહ્યું હતું કે, GCAS પોર્ટલ મારફત કોલેજ-યુનિવર્સિટીઓમાં વિવિધ પ્રોગ્રામ્સમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની પ્રોફાઈલ, શૈક્ષણિક વિગત કે પસંદ કરેલા વિષય વગેરેમાં જરૂરી ફેરફાર માટે સંબંધિત યુનિવર્સિટી કે કોલેજ ટેકનિકલ બાબતો માટે GIPL સાથે સંકલનમાં રહીને યુનિવર્સિટી/કોલેજની કક્ષાએ જરૂરી ફેરફાર કરી શકશે.

આ ઉપરાંત તેમણે કહ્યું કે, GCAS પોર્ટલ મારફત વિદ્યાર્થી દ્વારા કોલેજ-યુનિવર્સિટીઓમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષામાં પ્રવેશ મેળવેલ હોય અને પોતાનો પ્રવેશ કોઈ કારણસર રદ કરાવવા ઈચ્છતા હોય તો તેવા વિદ્યાર્થીઓએ સંબંધિત યુનિવર્સિટી કે કોલેજમાં જઈ પોતાના પ્રવેશ રદ કરાવી શકશે.

.................................

# WEATHER - RAIN

હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી સાત દિવસ સમગ્ર રાજ્યમાં સાર્વત્રિક વરસાદ થવાની શક્યતા છે. રાજ્યના કેટલાક ભાગોમાં ભારેથી અતિભારે વરસાદ થશે. આજે સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક ભાગોમાં ભારે વરસાદની શક્યતા છે.

અમદાવાદ અને ગાંધીનગર તથા આસપાસના જિલ્લાઓમાં પણ વરસાદી માહોલ જામ્યો છે. વહેલી સવારથી  જ સમગ્ર રાજ્યમાં મોટાભાગના વિસ્તારોમાં વરસાદ વરસવાની સાથે કાળા ડિબાંગ વાદળો બંધાયા છે. અમદાવાદ શહેરમાં પણ સવારથી જ વરસાદી માહોલ જામ્યો છે.

રાજ્યમાં છેલ્લા 12 કલાક દરમિયાન 164 તાલુકાઓમાં મધ્યમથી હળવો વરસાદ વરસ્યો હોવાનાં સત્તાવાર અહેવાલ છે. દિવસ દરમિયાન જામનગરનાં ધ્રોલમાં 61 મીલીમીટર અને જુનાગઢનાં વિસાવદરમાં 37 અને મોરબીનાં ટંકારામાં પણ 37 મીલીમીટર વરસાદ નોંધાયો છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં આજે વરસાદી વાતાવરણ જોવા મળ્યું હતું. બપોરના 12 વાગ્યાથી સાંજના 6 વાગ્યા સુધીમાં જિલ્લાના 6 તાલુકામાં અડધાથી એક એક ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત ગોધરા અને મહીસાગર જિલ્લાના સંતરામપુર અને અન્ય ગ્રામ્ય વિસ્તારમાં ધોધમાર વરસાદ થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી છે.

જ્યારે બોટાદ જિલ્લાના બોટાદ શહેરમાં એક ઇંચ, રાણપુર અને ગઢડામાં અડધો ઇંચ અને બરવાળામાં 4 મીલીમીટર વરસાદ વરસ્યો છે.

નવસારીના અમારા પ્રતિનિધિ અશોક પટેલ જણાવે છે કે ચીખલી તાલુકામાં આજે અર્ધો ઇંચ વરસાદ પડવાથી સાદકપોર ગામે મકાનની છત

અને ગોડથલ ગામે મકાનની એક તરફથી દિવાલ તૂટી પડી હતી. જો કે બંને કિસ્સામાં કોઈ જાનહાની થઇ નથી.

.................................

## NEWS IN BRIEF

**હવે સાંભળીએ રાજ્યના કેટલાક અન્ય સમાચાર સંક્ષિપ્તમાં....**

- ભાવનગર જિલ્લાના ટાણા ગામનું તળાવ જર્જરિત થઈ જતાં, વરસાદની સિઝનમાં કોઈ હાલાકી ના સર્જાય તે માટે ગ્રામજનોએ તળાવના સમારકામની માંગણી કરી છે.
- ભરુચના દહેજ બાયપાસ રોડ પર થયેલ એક અકસ્માતની ઘટનામાં એક વ્યક્તિનુ મોત નીપજ્યું છે.
- નર્મદા જિલ્લાના રાલદા ગામ પાસે હાઇવે પર અકસ્માતના કારણે એક ટ્રકમાં આગ લાગતા ટ્રક બળીને ખાખ થયો હતો, જો કે કોઈ વ્યક્તિને ઇજા થઈ હોવાના અહેવાલ નથી.
- ચોટીલા પોલીસે વાહન ચેકીંગ દરમિયાન રાજકોટના વ્યક્તિ પાસેથી 2 કરોડ 75 લાખથી વધુનું આધાર પુરાવા અને બિલ વગરનું સોનું જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.
- મહીસાગર જિલ્લાની વીરપુર *APMC*ની ચૂંટણીમાં ચેરમેન તરીકે રજની પટેલ ની બિનહરીફ વરણી જ્યારે વોઇસ ચેરમેન તરીકે રાધુસિંહ પરમાર ની વરણી કરાઇ.

- ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી સિલવાસાના પાંચ વર્ષીય BA LLB પ્રોગ્રામ અને એક વર્ષીય LLM પ્રોગ્રામની દ્વિતીય બેચના વિદ્યાર્થીઓ માટે બે દિવસીય ઓરીએન્ટેશન પ્રોગ્રામનો આજે સિલ્વાસા કલા કેન્દ્ર ખાતે શુભારંભ થયો.
- ભાવનગર જિલ્લાના કાળા તળાવ ગામ ખાતે યોજાયેલ આરોગ્ય શિબિરમાં 230 ગ્રામજનોની આરોગ્ય તપાસ અને શાળાના બાળકોનું હિમોગ્લોબીન તપાસીને દવા અને ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું.
- નવસારી નજીક હાઇવે પર એક ટેમ્પો માંથી 5 લાખથી વધુનો દારૂનો જથ્થા ઝડપાયો. પોલીસે દારુનો જથ્થો, મોબાઇલ ફોન તેમજ આઇસર ટેમ્પો મળી કુલ 15 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરીને કાર્યવાહી હાથ ધરી હતી.

-----------